નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૫/૩૪૯૩ તા.૧૭/૦૨/૨૦૨૫

**પરિપત્ર-૩૬૪૬**

સંદર્ભ :(૧) આ યુનિવર્સિટીનો તા.૨૪/૦૧/૨૦૨૫ નો પરિપત્ર-૩૬૨૫
(૨) આ યુનિવર્સિટીનો તા.૧૫/૦૨/૨૦૨૫ નો પરિપત્ર-૩૬૪૪

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. અને એમ.એડ. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, બી.એડ. અને એમ.એડ. સેમેસ્ટર-૨ અભ્યાસક્રમાં ન્યુ અને ઓલ્ડ કોર્સમાં એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના રેગ્યુલર અને પાર્ટ પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) ભરવાની અને જમા કરાવવાવની તારીખ સંદર્ભ-૧ દર્શિત પરિપત્ર થી જાહેર કરવામાં આવેલ હતી. પરંતુ સંદર્ભ-૨ દર્શિત પરિપત્ર થી પરીક્ષાની સંભવિત તારીખો જાહેર કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ વહીવટી કારણોસર પરીક્ષા ફોર્મ ભરવાની અને જમા કરાવવાની તે તારીખોમાં નીચે દર્શાવ્યા મુજબ ફેરફાર જાહેર કરવામાં આવે છે. જે અનુસાર ફોર્મ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.

| અભ્યાસક્રમ | પરીક્ષા ફી + ફોર્મ ફી કુલ ફી | નિયમિત ફી સાથે ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તારીખ | ચેકલીસ્ટ અને ફી ની રીસીપ્ટ યુનિ. ખાતે રૂબરૂમાં જમા કરાવવાની તારીખ |
|---|---|---|---|
| **B.ED. Sem.-2** | 240 + 25 = 265 | 01/03/2025 | 03/03/2025 |
| **M.ED. Sem.-2** | 570 + 25 =595 | 01/03/2025 | 03/03/2025 |

- સંબંધિત કોલેજોએ પરીક્ષા આવેદનપત્રમાં ***વિદ્યાર્થીની જવાબની ભાષા ખાસ તકેદારી રાખી સિલેક્ટ કરવાની રહેશે. પ્રશ્નપત્રોની ગુજરાતી અને અંગ્રેજી ભાષાની નકલો ફક્ત એ મુજબ જ મોકલવામાં આવશે.*** (જે અભ્યાસક્રમો/વિષયોમાં માત્ર એક ભાષામાં જ પ્રશ્નપત્રો આવતા હોય તેમને આ બાબત લાગુ પડશે નહી.)

- આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની **ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ *(ઓલ્ડ અને ન્યુ ERP નો અલગ-અલગ)* યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં નીચે અભ્યાસક્રમ સામે દર્શાવેલ સમય-પત્રક અનુસાર અથવા તે પહેલા ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી). યુનિવર્સિટી ખાતે ચેકલીસ્ટ અને ફી ની રીસીપ્ટ જમા કરાવવાની નિયત તારીખ બાદ આવેલ ફોર્મના સંદર્ભમાં પ્રતિ વિદ્યાર્થી મુજબ રૂ. ૨૫/- લેટ ફી લાગુ થશે.**

# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)
## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નોંધ:

- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.
- વિદ્યાર્થીદીઠ ભરવાની થતી રમત-ગમત ફી, સંસ્કૃતિક ફી તથા વિદ્યાર્થી કલ્યાણ ફી આ યુનિવર્સિટીના તા.૨૩/૦૯/૨૦૨૪ ના પરિપત્ર-૩૫૦૯ મુજબ ભરવાની રહેશે. તે માટે બે કોપીમાં અલગ ફોરવર્ડીંગ લેટર અને ફી ભર્યાની પાવતી સાથે રાખવાની રહેશે. ઉપરોક્ત ફી ના ભરેલ કોલેજના પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ જે અંગેની ખાસ નોધ લેવા જણાવવામાં આવે છે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા)

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ ભવનોના પ્રોફેસરશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, વ્યવસ્થાપન, શિક્ષણ, સમાજકાર્ય, ગ્રામિણ શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.